## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




કોઇ કેઇસમાં અમે ન ફસાઇએ... સીમ્પલ છે... મારી સ્ટારની કારકીર્દીમાં... ડ્રાઇવર અને માલીકનો ડબલ રોલવાળી હીટ ફિલ્મ આપી જ છે...!!

# ગાંધીનગરમાં વેચાતા અંકુર સીંગતેલના ડુપ્લીકેટ ડબ્બા..!

## સેક્ટર-૭ પોલીસે ત્રણ દુકાનોમાંથી પાંચ તેલના ડબ્બા કબ્જે લઈ સેમ્પલ પરીક્ષણ અર્થે મોકલ્યા : ડુપ્લીકેટ તેલનું મોટુ રેકેટ બહાર આવે તેવી શક્યતા : ડીસ્ટ્રીબ્યુટર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૦

અંકુર તેલના માલીકે શંકાને આધારે ગાંધીનગરની વિવિધ દુકાનોમાં જાતે સ્થળ તપાસ કરી અંકુર કંપનીના લોગો, સ્ટીકર અને લાયસન્સ નંબરનો ઉપયોગ કરી ડુપ્લીકેટ તેલના વેચાણ કરતી દુકાનોની યાદી સેક્ટર-૭ પોલીસને સોંપી હતી. જેને આધારે આજે સવારથી પોલીસે વિવિધ દુકાનોમાં દરોડા પાડીને પાંચ તેલના ડબ્બા જપ્ત કરી સેમ્પલ પરીક્ષણ અર્થે મોકલવા તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ અંકુર કંપનીના માલીક જ્યોત્સનાબેન પટેલની ફરીયાદને આધારે પેથાપુરના ડીસ્ટ્રીબ્યુટર સામે આઈપીસીની કલમ ૪૮૩, ૪૮૬, ૪૮૭ અને કોપી રાઈટ એક્ટ ૬૩ મુજબ ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. ડુપ્લીકેટ તેલનું ખુબ મોટુ રેકેટ બહાર આવે તેવી શંકા વર્તાઈ રહી છે.

ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં અંકુર સિંગતેલ અને કપાસીયા તેલના ડબ્બા ડુપ્લીકેટ જતા હોવાની શંકાને પગલે અંકુરના માલીક જ્યોત્સનાબેન પટેલે ગાંધીનગરના ડીલર સાથે વાત કરીને જ્યાં જ્યાં તેમની કંપનીનું તેલ જતુ હતુ ત્યાં ત્યાં સ્થળ તપાસ કરીને ડુપ્લીકેટ તેલના ડબ્બા રાખતા વેપારીઓની દુકાનોના લીસ્ટ સેક્ટર-૭ પોલીસને આપ્યા હતા. જેને આધારે આજે સેક્ટર-૭ પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે સેક્ટર-૭ સ્થિત આદર્શ કિરાણા, સેક્ટર-૪ સ્થિત બ્રહ્માણી કિરાણા અને કેશરભવાની કિરાણામાં દરોડા પાડીને અંકુર તેલના પાંચ ડબ્બાઓ જપ્ત કર્યા હતા. તેલના ડબ્બાઓ પર લાગેલા સીલ, સ્ટીકર, ફૂડ સ્ટાન્ડર્ડ સેફટી એક્ટ મુજબના લાયસન્સનો નંબર અને લોગો અંકુર કંપનીનો હતો પરંતુ અંદર ભરવામાં આવેલુ તેલ કંપનીનું ન હોવાનું જ્યોત્સનાબેનનું કહેવું છે. પોલીસે ફૂડ સેફટી ઓફીસરને બોલાવી તેલના સેમ્પલ લેવડાવી ખરાઈ કરવા માટે રાજકોટ લેબોરેટરીમાં મોકલી આપવા તજવીજ શરૂ કરી છે. અંદાજે વીસેક દિવસે લેબોરેટરી રીપોર્ટ આવ્યા બાદ બીજી કલમોનો ઉમેરો થશે. પ્રાથમિક તબક્કે પોલીસે જ્યોત્સનાબેનની ફરીયાદને આધારે ડીસ્ટ્રીબ્યુટર જગાભાઈ ઉર્ફે ચંદ્રકાન્ત મોદી (રહે. પેથાપુર) સામે આઈપીસીની કલમ ૪૮૩, ૪૮૬, ૪૮૭ અને કોપી રાઈટ એક્ટ ૬૩ મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ પેથાપુર એ ડુપ્લીકેટ તેલના રેકેટનું એ.પી. સેન્ટર હોવાની શકયતા છે તે દિશામાં પણ પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે.



### ૫૦ - ૧૦૦ રૂ. વધુ કમાવવા વેપારીઓ બીલ વગરના ડબ્બા ખરીદતા હતા..!

જે વેપારીઓ આ તેલના ડબ્બા પેથાપુરના ડીસ્ટ્રીબ્યુટર પાસેથી ખરીદતા હતા તેમનું કહેવું હતુ કે તે અંકુર તેલના ડબ્બા બીલ વગર આપતા હતા અને તેના બદલામાં એક ડબ્બા પેટે રૂ. ૫૦ થી રૂ. ૧૦૦ ઓછા લેતા હતા. વેપારીઓ ૫૦ થી ૧૦૦ રૂપિયા કમાવવા આવા તેલના ડબ્બા ખરીદીને ગ્રાહકોને નકલી બ્રાન્ડના અખાદ્ય તેલના ડબ્બા પધરાવી રહ્યા હતા. વેપારીઓ સાચુ બોલી રહ્યા છે કે પોતે પણ આ ગુનામાં સંકળાયેલા છે. તે સહીતની પણ તપાસ હાથ ધરાશે..!

# ઝૂંડાલ ગુરૂકુળમાંથી ત્રણ વિદ્યાર્થીઓ લાપત્તા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ખાતે સ્થિત ગુરૂકુળ સ્કૂલમાંથી ત્રણ વિદ્યાર્થીઓ લાપત્તા થઈ ગઈ છે. શાળા મારફતે વિદ્યાર્થીઓના વાલીઓને જાણ કરતા ચિંતિત વાલીઓ તાબડતોબ ઝુંડાલ આવી ગયા હતા. શાળામાંથી અને મિત્ર વર્તુળમાં તપાસ કરવા છતાં કોઈ સઘડ ન મળતા ગુમ થયેલા ત્રણેય વિદ્યાર્થીઓ રીતી પુરોહિત ધોરણ-૯ રહે. હૈદ્રાબાદ, નિરજ ત્રિપાઠી ધોરણ-૮ રહે. થલતેજ તથા મૌલિક સસેજ ધોરણ-૮ રહે. ચાંદખેડાના વાલીઓએ અડાલજ પોલીસ મથકમાં બાળકો ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવી છે. અડાલજ પોલીસ મથકના જમાદાર મુળજીભાઈએ ગુમ વિદ્યાર્થીઓની શોધખોળ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ ગુરૂવારની રાત સુધી ત્રણેયના કોઈ સઘડ મળ્યા નથી. ગુમ થવાનું કોઈ ચોક્કસ કારણ પણ હજુ સુધી જાણવા મળ્યું નથી.



## ચિલોડામાં બળદ-ઘાણીના કચરીયાની માંગ

શિયાળાની ખુશનુમા મોસમ જામતા વસાણા સહિત વિવિધ સ્વાદિષ્ટ સ્વાસ્થ્યવર્ધક વાનગી, લીલા શાકભાજી, ગુંદરપાક, બદામપાક, મેથીલાડુ, ચીક્કી, તલસુખડી, મશાલાયુક્ત તલ કચરીયું વગેરે ખાવાના શોખીન મન મુકીને આરોગી બારેમાસ શારીરિક-માનસિક તંદુરસ્તીની જાળવણીનું આયોજન કરી લેતાં હોય છે. ઠંડીની આ મોસમમાં શારીરિક તંદુરસ્તીના સ્વરક્ષણ માટે સ્વાદિટ શુદ્ધ તલના કચરિયાની લહેજત માણતા હોય છે. આજના હાઈટેક આધુનિક યુગમાં વર્ષો જૂની બળદ ઘાણીના કચરીયાનો સ્વાદ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી તથા અન્ય પરપ્રાંતિય મુસાફરો કચરીયાની મજા માણતાં નજરે પડે છે. ચિલોડા ગામમાં પીપળાવાળા વાસમાં વર્ષો જૂની બળદઘાણી દેશી તલનું કચરિયુ ખૂબ પ્રખ્યાત હોવાથી ગ્રામજનો દર વર્ષે કચરિયાનો સ્વાદ શિયાળાની સીઝનમાં માણવાનું ચુકતા નથી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સમાજશાસ્ત્રી પ્રો. રમેશ મકવાણાનું 'શૌચાલય અને સ્વચ્છતા' અંગેની જાગૃતિ માટે સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

તાજેતરમાં વર્લ્ડ ટોયલેટ ડે પર સુલભ ઈન્ટરનેશનલ એનજીઓ દ્વારા રાષ્ટ્રીય સેમિનાર માવલંકર હોલ દિલ્હી મુકામે યોજાયો હતો. આ સેમિનારનો મૂળભૂત ઉદ્દેશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ૨૦૧૯માં ઘરે ઘરે શૌચાલય અને સ્વચ્છતાના સ્વપ્નને સાકાર કરવાની રણનીતિ અંગે ચર્ચા અને ચિંતન કરવાનો હતો. સેમિનારનું ઉદ્‌ઘાટન ભાજપની સાંસદ શ્રીમતી હેમા માલિનીએ શૌચાલયનું મહત્વ સમજાવી કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારતમાંથી લગભગ ૨૫૦૦ સમાજ સુધારકો, કોર્પોરેટ વર્લ્ડ, કર્મશીલો સહભાગી થયા હતા

આ સેમિનારમાં ગુજરાતની વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રી વિભાગના પ્રો. રમેશ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. રમેશ મકવાણાને શૌચાલય અને સ્વચ્છતા અંગે ગ્રામીણ સમાજમાં જાગૃતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવવા બદલ સુલભ ઈન્ટરનેશનલ એનજીઓના સ્થાપક પદ્મ વિભૂષણ ડૉ. બિન્દેશ્વર પાઠકના હસ્તે શાલ ઓઢાડી અને સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે પ્રો. રમેશ મકવાણાએ જણાવ્યું હતું કે શૌચાલય અને સ્વચ્છતાના અભાવે ખૂબ ગંદકી થાય અને લોકો અનેક રોગોનો ભોગ બને છે અને ગાંધીજી પણ કહેતા કે સામુહિક સ્વચ્છતાનું કાર્ય તો ઈશ્વર પૂજા જેટલું જ પવિત્ર છે. એક અભ્યાસના તારણ મુજબ ભારતમાં ૪૭ ટકા છોકરીઓ શાળામાં શૌચાલયના અભાવે અભ્યાસ છોડી રહી છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી મુજબ દેશના ૫૩ ટકા ઘરોમાં શૌચાલયો નથી. જેમાં ગ્રામીણ ક્ષેત્રે ૬૯.૩ ટકા ઘરો શૌચાલયોથી વંચિત છે. ગુજરાતમાં પણ ગ્રામીણ ક્ષેત્રે બહુમતી લોકો ખુલ્લામાં શૌચ કરે છે. જે અતિ ચિંતાનો વિષય છે.




અત્રે ઉલ્લેખનીય છે કે આ સન્માન અગાઉ તેમને ગ્લોબલ ટીચર્સ રોલ મોડેલ એવોર્ડ, ભારત શિક્ષા રત્ન એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ, ડૉ. વિરભદ્રસિંહ એવોર્ડ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને રૂપિયા એક લાખ ગુજરાત સરકાર તરફથી એનાયત થયેલ છે. હાલ તેઓ ગુજરાત અને ભારતની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સક્રિય પણે સંકળાયેલા છે અને સામાજિક સેવાના કાર્યો બજાવી રહ્યા છે. આ સન્માન બદલ સમગ્ર યુનિવર્સિટી પરિવારે પ્રો. રમેશ મકવાણાને અભિનંદન પાઠવ્યા હતા.

# ભરશિયાળે ઉનાળાની અનુભૂતિ

ગાંધીનગર, તા. ૧૦

ઠંડી હવે થોડાક દિવસોમાં જામશે એવું લાગે તે પહેલા જ પુનઃ જાણે કે ઉનાળાની અનુભૂતિ થવા માંડી છે. ડિસેમ્બર માસની શરૂઆતમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નજીક પહોંચી ગયું હતું. તે આજે ૨૦ ડિગ્રી સુધી પહોંચી જતા ઉનાળાનો અનુભવ થઈ રહ્યો છે.

ડિસેમ્બર માસનું પ્રથમ પખવાડિયુ પુરૂ થવામાં છે પરંતુ હજુ સુધી જોઈએ તેવી ઠંડી જામતી નથી. ડિસેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં ધીમે ધીમે ઠંડી જામવા માંડી હતી. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી ઉતરી ગયું હતું. વસાહતીઓ શાલ અને સ્વેટરમાં સજ્જ થઈને ફરવા માંડ્યા હતા. ગરમ વસ્ત્રો અને વસાણાની ખરીદીમાં માંડ થોડીક તેજી જોવા મળી હતી ત્યાં જ ફરીથી લઘુત્તમ તાપમાન વધવા માંડ્યું છે. છેલ્લા ચાર જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૯ થી ૧૦ ડિગ્રી જેટલુ વધીને ૨૦ ડિ.સે. સુધી પહોંચી ગયું છે. જેના કારણે જાણે ઉનાળો હોય તેવું લાગી રહ્યું છે.

### એક તબક્કે ૧૦ ડિગ્રી સુધી ઉતરી ગયેલું લઘુત્તમ તાપમાન ત્રણ-ચાર દિવસમાં જ પુનઃ ૨૦ ડિગ્રી સુધી પહોંચ્યું

દિવસ દરમ્યાન તો મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી જેટલુ રહેતા પંખા ફૂલસ્પીડે ચલાવવા પડે છે. તડકો પણ આકરો લાગે છે. છેલ્લા એકાદ-બે દિવસથી તો રાત્રે પણ પંખા ચલાવવા પડે તેવુ વાતાવરણ સર્જાયુ છે. ડિસેમ્બર માસના બીજા પખવાડિયામાં ઠંડી જામશે તેવી આગાહી કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં બરફ વર્ષા થાય તે પછી જ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઠંડીની વધુ અસર જોવા મળશે.

## આજથી અમદાવાદમાં ત્રિદિવસીય ક્રેડાઈ ગુજકોન એક્સ્પો-૧૫નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ, શુક્રવાર તા. ૧૧ ડિસેમ્બર અમદાવાદમાં ક્રેડાઈ ગુજકોન એક્સ્પો-૨૦૧૫નું ઉદ્‌ઘાટન કરશે

કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિયેશન ઓફ ઈન્ડીયાની ગુજરાત શાખા દ્વારા અમદાવાદમાં જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે આવતીકાલે સવારે ૧૦ વાગ્યાથી ત્રણ દિવસ માટે બિલ્ડીંગ મટિરીયલ્સનું એક્ઝીબિશન અને કન્વેન્શન યોજાઈ રહ્યું છે તેના ઉદ્‌ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી આનંદીબહેન ઉપસ્થિત રહેનાર છે.

આ કન્વેન્શનમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોના મહાનગરોના ડેલિગેટ્સ ભાગ લેશે.

# તેજસ્વી છાત્રાની કારકિર્દીને બચાવવા દેના બેંક દ્વારા બે દિ'માં લોન મંજૂર

ગાંધીનગર, તા. ૧૦

"આઓ હમ સબ મિલકર દીપ જલાયે જહાં આજ ભી અંધેરા હૈ" આ કાવ્યપંક્તિને જ્યારે સાર્થક થતી જોવા મળે ત્યારે અંગ અંગના રૂવાંડા ઉભા થઈ જાય એ સ્વાભાવિક છે.

વાત છે મોરબીના એક શ્રમિક પરિવારની. આ શ્રમિક પરિવારની દિકરીનું સ્વપ્ન હતુ ડૉક્ટર થવાનું. રહેવા ઘર નહિ, ખેડવા સીમ નહિ માત્ર મજૂરી પર ગુજરાન કરતા આ પરિવારની દિકરીએ ૧૨મા ધોરણમાં સારા ગુણાંક પ્રાપ્ત કરી અને સોલા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

### શ્રમિક પરિવારની દિકરી હવે ડૉક્ટર થવાનું સ્વપ્ન પૂર્ણ કરશે

ચાર-ચાર વર્ષ અભ્યાસના પૂર્ણ તો કર્યા. પિતાના માથે ભારે દેવુ થઈ ગયુ અને પાંચમા અને અંતિમ વર્ષની ફીનો પ્રશ્ન ઉભો થયો તેનો અભ્યાસ અધુરો રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું. કોલેજ સત્તાવાળાઓએ પણ ફી ભરવા માટે દબાણ વધાર્યું.

ભણવામાં તેજસ્વી દિકરીની મદદે તેની સહેલીઓ આવી અને કેટલાક અન્ય સગાંઓએ પણ બેંક લોન મેળવવાનો પ્રયાસ કરવાની સલાહ આપી... બસ આ દિકરીને વાત પસંદ પડી અને તેણે ગાંધીનગર દેના બેંકના રિજીયોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસનનો તેમજ ઈન્ફોસીટી બ્રાન્ચના સિની. મેનેજર નલિનકુમારનો સંપર્ક સાધ્યો.

બન્ને અધિકારીઓને દિકરીની દલીલો ગળે ઉતરી ગઈ એટલુ જ નહિ શૈક્ષણિક લોનનો દરવાજો ખુલ્લો છે તેવા હકારાત્મક ઉત્તર આપ્યો અને જરૂરી કાગળો સાથે અરજી આપવા જણાવ્યું.

ગણતરીના એક-બે દિવસમાં જ દિકરીની લોન મંજૂર થઈ ગઈ અને તેનું સ્વપ્ન હવે પૂર્ણ થશે.

રિજીયોનલ મેનેજર ચિત્રા કીર્તિવાસન અને સિની. મેનેજર નલિનકુમારે જે ત્વરિત ગતિએ લોન મંજૂર કરી અને દિકરીનું સ્વપ્ન પુર્ણ કરવા માટેની હિંમત આપી તે જોઈ મન આ પંક્તિઓ ઉચ્ચારી ઉઠ્યું...

ચિત્રા કીર્તિવાસને કહ્યું કે બેંકીંગ સેવા એ તો વ્યવસાય છે વ્યવસાયનો સ્વીકાર અમે અમારા ગ્રાહકોને આપીએ છીએ તે ગ્રાહક તરીકે નહિ અમારા પરિવાર તરીકે...!

# જૂના સચિવાલય ખાતે પ્રોસ્ટેટ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના જૂના સચિવાલય સંકુલમાં બ્લોક નં. ૧ના પહેલા માળે સરકારી આર્યુવેદિક ડિસ્પેન્સરી ખાતે પ્રોસ્ટેટના રોગો અંગે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૦૦ દર્દીઓએ ચેકઅપનો લાભ લીધો હતો. જેમાં દર્દીઓને જરૂરિયાત મુજબ દવાઓ આપી ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માહિતગાર કરાયા હતા.

વ્યક્તિની ઉંમર ૪૦ વર્ષ કરતા વધે ત્યારે, પ્રોસ્ટેટમાં કોષોનો અસામાન્ય વિકાસ થવાથી તેમજ હોર્મોન્સમાં ફેરફાર થવાથી પ્રોસ્ટેટની બિમારી આવે છે. આ બિમારીમાં વારંવાર પેશાબ લાગવો, બળતરા થવી, પેશાબમાં રાહ જોવી પડે, પેઢુમાં દુઃખાવો, કમર તથા સાથળમાં દુઃખાવો વગેરે લક્ષણો જણાય છે. આ બિમારીને અટકાવવા મીઠુ ઓછુ ખાવુ, પેશાબ રોકવો નહી, વધુ પડતુ પ્રવાહી એક સાથે ના લેવુ, રસાયણ ટીકડી લેવી, યુરોલોજીસ્ટની સલાહ લેવી, પ્રાણાયામ કરવા જેવી અનેક બાબતો અંગે દર્દીઓને નિદાન કેમ્પમાં માહિતગાર કરાયા હતા. આ કેમ્પમાં ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.



ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મેડીકલ કોલેજના હોલમાં આજે સ્વાઈન-ફલુનો રાજયકક્ષાનો વર્કશોપ યોજાયો છે.
- જાન્યુઆરીમાં મળનાર સ્પીકર્સ કોન્ફરન્સને લઈ મરામત અને નવીનીકરણનું કામ વેગીલુ બનાવાયું છે.
- છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પુનઃ આવેલા પલ્ટાને કારણે લગ્નસરાની સિઝનને લઈ લોકો રાહત અનુભવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરના ઘ-૪ના સર્કલ નજીક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા.
- ગાંધીનગર શહેરમાં રાજકીય બેઠકોના ધમધમાટને પગલે નેતાઓની દોડધામ વધુ જોવા મળી રહી છે.
- જિલ્લાના વહીવટી તંત્રમાં પણ ડિસેમ્બરને લઈ રજાઓ મુકવાના મૂડમાં કર્મચારીઓ છે.

## વલાદ સ્કૂલ ઓફ નર્સિંગનું ગૌરવ

ગાંધીનગરના વલાદ સ્થિત એ.કે. પટેલ સ્કૂલ ઓફ નર્સિંગની વિદ્યાર્થીની કાજલ બી. ચૌધરીએ તાજેતરમાં લેવાયેલ જી.એન.એમ. સ્કૂલ ઓફ નર્સીંગની પ્રેકટીકલ



પરીક્ષામાં ગુજરાત લેવલે બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ થીયરીમાં ૭૧.૪ ટકા સાથે એ.કે. પટેલ સ્કૂલ ઓફ નર્સીંગમાં પ્રથમ વર્ષમાં ઉત્તીર્ણ થઈ શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. સમગ્ર શાળા પરિવાર દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ગોવર્ધનનાથજી હવેલી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર

સેકટર-૨૧ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિરના દર્શનના સમયમાં તા. ૧૬મી ડિસેમ્બરને બુધવારના રોજથી ફેરફાર થશે જેની વૈષ્ણવોએ નોંધ લેવા વિનંતી છે. મંગળા-સવારે ૭ થી ૭.૩૦, શૃંગાર-સવારે ૯ થી ૯.૩૦, રાજભોગ-સવારે ૧૦.૩૦ થી ૧૧, ઉત્થાપન-બપોરે ૩.૪૫ થી ૩.૫૦, સંધ્યા આરતી સાંજના ૪.૪૫ થી ૫.૧૫ અને શયન આરતી સાંજના ૫.૪૫ થી ૬.૧૫. વૈષ્ણવ સમાજના મંત્રી રસિકભાઈ ગાંધીએ નગરના તમામ ભાવિક ભક્તોને આ બાબતની નોંધ લેવા જણાવ્યું છે.

## સે-૩ સાંઈ મંદિર ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે

સેકટર-૩ના સીનીયર સીટીઝન વસાહત મંડળ દ્વારા આગામી તા. ૨૧મી ડિસેમ્બરને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે સાંઈ મંદિર, સે-૩ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે. આ સમારોહમાં ભોજન વ્યવસ્થા કરાઈ હોવાથી સમારોહમાં ભાગ લેવા ઈચ્છતા સીનીયર સીટીઝનોએ તા. ૧૭ ડિસેમ્બર સુધીમાં રૂ. ૨૦ ટોકન તરીકે આપી નામ નોંધાવવાનું રહેશે તેમ વસાહત મંડળના પ્રમુખ રાજેશ ભટ્ટે જણાવ્યું છે.

## અટક બદલેલ છે

મારું નામ / અટક આયુષ રાહુલભાઈ પરમાર હતું તે અટક બદલી આયુષ રાહુલભાઈ રાજ કરેલ છે. જેની નોંધ લેવા વિનંતી.

લી.
આયુષ રાહુલભાઈ રાજ
પ્લોટ નં. ૧૫૮૦/૨,
સેક્ટર-૨સી, ગાંધીનગર